## આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકુયુ, દે'બારીયા દ્વારા આદિવાસી બહેનોની પાંચ દિવસીય પ્રાયોજીત વ્યવસાયલક્ષી (શિવણ કાર્ય) તાલીમ યોજવામાં આવી

આદિવાસી વિસ્તારની મહિલાઓને ખેતી સાથે પૂરક આવક મળી રહે અને પોતાનું અને પરિવારનો સર્વાંગી વિકાસ થાય તે માટે આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા જુદા જુદા વિષયો પર તાલીમ આપવામાં આવે છે. આમ, તારીખ ૯ થી ૧૩ સપ્ટેંબર, ૨૦૧૯ દરમિયાન કેન્દ્ર ખાતે પાંચ દિવસીય "પ્રાયોજીત વ્યવસાયલક્ષી (શિવણ કાર્ય) તાલીમ યોજવામાં આવેલ.

કેન્દ્રના વડા અને યુનિટ અધિકારીશ્રી, ડો. જી. જે. પટેલ (સંશોધન વૈજ્ઞાનિક) દ્વારા આદિવાસી બહેનો પોતાના પગભર ઉભા થાય અને રોજગારી મેળવી પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થાય તે માટે તાલીમાર્થીઓને પ્રોત્સાહીત કર્યા. ડો. ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક) પીવીકે દ્વારા વ્યવસાયલક્ષી તાલીમના મહત્વથી બહેનોને માહિતગાર કરેલ.

પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમના અંતમા ડો. જી. જે. પટેલ, વડા અને યુનિટ અધિકારીશ્રીના વરદ હસ્તે તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવેલ.








